| **Headline:** NSE in Fixed Income Launches 4 New Indices to Track G-Secs | |
|---|---|
| **Source:** Mid day (Gujarati) | **Date:** 20 October 2015 |

# નૅશનલ સ્ટૉક એક્સચેન્જે ફિક્સ્ડ ઇન્કમના ચાર નવા ઇન્ડેક્સ લૉન્ચ કર્યા

**નૅશનલ** સ્ટૉક એક્સચેન્જની કંપની ઈન્ડિયા ઈન્ડેક્સ સર્વિસિસ ઍન્ડ પ્રોડક્ટ્સ લિમિટેડ (IISL)એ ફિક્સ્ડ ઈન્કમ સેગમેન્ટમાં ચાર નવા ઈન્ડાઈસિસ નિફ્ટી 15 યર ઍન્ડ અબોવ G-સેક ઈન્ડેક્સ, નિફ્ટી કમ્પોઝિટ G-સેક ઈન્ડેક્સ, નિફ્ટી 4-8 યર્સ G-સેક ઈન્ડેક્સ અને નિફ્ટી 11-15 યર G-સેક ઈન્ડેક્સ લૉન્ચ કર્યા છે.

IISLના નિફ્ટી 15 યર ઍન્ડ અબોવ G-સેક ઈન્ડેક્સની રચના ટોચના (ટ્રેડેડ વૅલ્યુની દૃષ્ટિએ) સરકારી બૉન્ડના આધારે કરાઈ છે. ૧૫ વર્ષ અને એથી અધિક મુદતનાં આ બૉન્ડ્સ બહુ તરલ છે અને ૫૦૦૦ કરોડ રૂપિયાથી અધિક રકમનાં આવાં બૉન્ડ્સ આઉટસ્ટૅન્ડિંગ છે.

વ્યક્તિગત બૉન્ડ્સને એની ટ્રેડેડ વૅલ્યુ અને આઉટસ્ટૅન્ડિંગ ઈશ્યુઅન્સના ૪૦:૬૦ના પ્રમાણમાં વેઈટેજ અપાય છે. નિફ્ટી કમ્પોઝિટ G-સેક ઈન્ડેક્સની રચના એક વર્ષ કરતાં વધુ મુદતના ટોચના ૧૦ લિક્વિડ સરકારી બૉન્ડ્સની કિંમતના આધારે કરવામાં આવી છે. નિફ્ટી 4-8 યર્સ G-સેક ઈન્ડેક્સની રચના ચારથી આઠ વર્ષની મુદતના ટોચના ૩ લિક્વિડ સરકારી બૉન્ડ્સની કિંમતના આધારે કરવામાં આવી છે. નિફ્ટી 11-15 યર G-સેક ઈન્ડેક્સની રચના અગિયારથી પંદર વર્ષની મુદતના ટોચના ૩ લિક્વિડ સરકારી બૉન્ડ્સની કિંમતના આધારે કરવામાં આવી છે. ઈન્ડેક્સમાં સ્થાન પામવા માટે તમામ બૉન્ડ્સની આઉટસ્ટૅન્ડિંગ ઈશ્યુઅન્સ ૫૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધુ હોવી જોઈએ.